કોરોનાની બીજી લહેર બાદ નગરમાં ચિકનગુનિયા અને ડેન્ગ્યુનો કહેર

નગરની સિવિલ હોસ્પિટલ અને ખાનગી દવાખાનાઓમાં દર્દીઓની સંખ્યામાં સતત વધારો : સેક્ટરોમાં દર ત્રીજા ઘરે તાવના દર્દીઓ : બદલાતી સિઝન વચ્ચે વાઇરલ ફીવરે પણ ભરડો લીધો

ગાંધીનગર તા ૧૭

ગાંધીનગરમાં છેલ્લા બે મહીનાથી કોરોનાના કેસ સતત ઘટતા નગરજનોએ માંડ રાહતનો શ્વાસ લીધો હતો ત્યાં હાલ ચિકનગુનિયા અને ડેન્ગ્યુના રોગચાળાએ અજગર ભરડો લીધો છે. શેહરના સેકટરોમાં શેરીએ શેરીએ ચિકનગુનિયા અને ડેન્ગ્યુના કેસ જોવા મળી રહ્યા છે. વરસાદી દિવસોના અંતે સેકટરોમાં સફાઇ અને દવા છંટકાવના અભાવ વચ્ચે મચ્છર ઉત્તપત્તિ સ્થાનો વધ્યા છે. ત્યારે ચુંટણી બાદ પણ કોર્પોરેશનનુ તંત્ર હજુ આ મામલે સાવધ થયુ નથી જેના લીધે નગરની સિવિલ હોસ્પિટલ અને ખાનગી દવાખાનાઓમાં પણ ડેન્ગ્યુના દર્દીઓ બિછાને જોવા મળી રહ્યા છે. નગરની લેબોરટ્રીમાં પણ સેમ્પલના ટેસ્ટીંગ બાદ ચિકનગુનિયાના દર્દીઓમાં નોંધપાત્ર વધારો થયો હોવાનુ સ્પષ્ટ થયુ છે. હોસ્પિટલો પણ દર્દીઓથી ઉભરાઇ રહી છે. બદલાતા મોસમના મિજાજ વચ્ચે ઠંડી ગરમીની બેવડી ઋતુથી વાઇરલ ફીવરના દર્દીઓ પણ વધ્યા છે.

ગાંધીનગરમાં વરસાદી દિવસોના અંતે રોગચાળાએ ભરડો લીધો છે. સેકટરોમાં ઘરે ઘરે તાવના દર્દીઓ છે. નવરાત્રિ મહોત્સવ દરમિયાન પણ વાઇરલ ફીવર, ડેન્ગ્યુ અને ચિકનગુનિયાના દર્દીઓ વધ્યા છે. વરસાદી દિવસોના અંતે સેકટરોમાં સફાઇ અને દવા છંટકાવના અભાવે મચ્છર ઉત્તપત્તિ સ્થાનો વધ્યા છે. કોર્પોરેશનની ચુંટણી બાદ પણ તંત્ર હજુ આ મામલે એક્ટિવ મોડમાં આવ્યુ નથી જેના લીધે શહેરમાં રોગચાળાએ અજગરી ભરડો લેતા ડેન્ગ્યુ અને ચિકનગુનિયાના દર્દીઓ ઘરે ઘરે જોવા મળી રહ્યા છે. નગરની ખાનગી લેબોરેટરીમાં ટેસ્ટ માટે આવતા સેમ્પલમાં પણ ચિકનગુનિયાના મહત્તમ કેસ પોઝિટીવ આવતા હોવાનુ ધ્યાને આવ્યુ છે. જો કે સાદા ટેસ્ટના અંતે ચિકનગુનિયા હોવાનુ સ્પષ્ટ થતુ નથી પરંતુ પી સી આર ટેસ્ટ કરાવતા ચિકનગુનિયા પોઝિટીવ આવતા હોવાનુ પણ જાણવા મળ્યુ છે. શહેરમાં છેલ્લા ઘણાં સમયથી સફાઇ અને દવા છંટકાવના મામલે કોઇ પગલા લેવાયા નથી જયારે વરસાદી દિવસોના અંતે મચ્છર અને જીવાતનો ઉપદ્રવ પણ વધી ગયો છે. બીજીતરફ વરસાદી વાદળો દુર હટતા તુરંત જ વાતાવરણમાં બદલાવ જોવા મળી રહ્યો છે. છેલ્લા ચાર પાંચ દિવસથી નગરજનો બેવડી ઋતુનો અનુભવ કરી રહ્યા છે જેના લીધે ઠંડી ગરમીની અસર વચ્ચે વાઇરલ ફીવરના દર્દીઓ પણ વધ્યા છે. ડેન્ગયુ, ચિકનગુનિયા અને મેલેરિયાના રોગચાળાથી જનજીવન પ્રભાવિત છે. સેકટરે સેકટરે ડેન્ગયુ અને ચિકનગુનિયાના કેસ વધી રહ્યા છે. રોજબરોજ ખાનગી લેબમાં ટેસ્ટીંગ માટે આવતા મોટાભાગના સેમ્પલમાંથી ચિકનગુનિયા અને ડેન્ગ્યુના સૌથી વધુ કેસ ધ્યાને આવી રહ્યા છે. રોગચાળાના કાબુમાં લેવા માટે પણ ત્વરિત યોગ્ય પગલા લેવાય તે અનિવાર્ય છે. ખાનગી હોસ્પિટલો પણ દર્દીઓથી ઉભરાતી નજરે પડે છે. એકબાજુ હાલ કોરોનાનો કહેર ઓછો થઇ ગયો છે. કોરોનાના કેસ ઘટ્યા છે. ત્યારે કોરોના મુક્ત થવા તરફ આગળ વધતા ગાંધીનગરમાં ડેન્ગ્યુએ હાહાકાર મચાવ્યો છે. ડેન્ગયુ પણ પ્લેટલેટ કાઉન્ટ ઘટતા જીવલેણ સાબિત થતો હોવાથી નાગરિકોમાં પણ ભય પ્રવર્તયો છે. સિવિલ હોસ્પિટલમાં પણ ડેન્ગ્યુના દર્દીઓની સંખ્યા વિશેષ છે. જયારે ચિકનગુનિયાના દર્દીઓ પણ બિછાને જોવા મળી રહ્યા છે. શહેરના સેકટરોમાં સફાઇ અભિયાન સહીત દવા છંટકાવ હાથ ધરીને મચ્છર ઉત્તપત્તિ સ્થાનો ડામવા માટે તંત્રએ એકશન મોડમાં આવવા પ્રબળ માંગ ઉઠવા પામી છે. નહીંતર હજુ પણ રોગચાળાની સ્થિતિ વધુ ખતરનાક પુરવાર થાય તેવી દહેશત પણ ઉદભવી છે.

સ્માર્ટ સિટીની સ્માર્ટ ગંદકી - ગંદકી ગાંધીનગરનું વરદાન હોય એમ તંત્રના પ્રયાસો હોવા છતાં ગંદકીનું પ્રમાણ યથાવત રહ્યું છે... કોઈને કોઈ કારણોસર મુખ્યમાર્ગો પર અને આંતરિક માર્ગો પર ગંદકીના ઢગ હજુ પણ જોવા મળે છે... સ્માર્ટ સિટીનું સ્માર્ટસિટી તરફની તીવ્ર ગતિ હોવા છતાં ગાંધીનગરમાંથી ગંદકી નિર્મુળ કરવા તંત્ર હાંફે છે... વહીવટી તંત્રની સાથે સમાજજીવન પણ સ્વચ્છતા અભિયાનમાં જોડાય તો ગાંધીનગરને ચાર ચાંદ લાગી જાય એવું રળિયામણું અને હરિયાળુ શહેર બની શકે એમ છે... બસ આપણા સૌમાં જાગૃતતા આવવી જરૂરી છે...

ગાંધીનગરથી વિજાપુર-માણસા તરફના રૂટમાં

સાંજના સમયે બસ સેવા ન મળતા મુસાફરોમાં રોષ

નિયમિત અપડાઉનકર્તાઓને રોજબરોજ હાલાકી : વિદ્યાર્થીઓ અને નોકરીયાતો પરેશાન ડેપોને આ રૂટમાં યોગ્ય સંચાલન ગોઠવવા રજુઆત

ગાંધીનગર તા ૧૭

ગાંધીનગર એસ ટી ડેપોમાં શહેરી બસ સેવા ઉપરાંત આસપાસના ગામોને અનુલક્ષી વિવિધ રૂટોની બસોનુ સંચાલન યોગ્ય રીતે ન થતા રોજબરોજ મુસાફરોએ હાલાકી વેઠવી પડે છે. માણસા વિજાપુર વિસ્તારમાંથી આવતા વિદ્યાર્થીઓ અને નોકરીયાતોએ પણ બસ સેવા માટે વલખા મારવા પડે છે. સવારે ગાંધીનગર તરફ આવવા માટે બસ મળી રહે છે. પરંતુ સાંજના સમયે પરત જવા માટે આ રૂટમાં બસ સેવા મળતી નથી. સ્થાનિકો દ્વારા સાંજના સમયે માણસા વિજાપુર રૂટમાં બસ મળી રહે તે માટે પ્રબળ રજુઆત કરવામાં આવી છે.

ગાંધીનગર એસ ટી ડેપોમાં વિવિધ રૂટની બસો દોડાવવા માટે આયોજન કરાયુ છે. ડેપોથી ગાંધીનગર અમદાવાદ વચ્ચેની શહેરી બસ સેવા ઉપરાંત બહારગામના રૂટની પણ બસ સેવા દોડી રહી છે. જયારે સૌરાષ્ટ્રના રૂટમાં પણ બસ સેવા મળી રહે છે. પરંતુ ડેપો સંકુલમાંથી વિજાપુર માણસા સહીત ગાંધીનગર આસપાસના વિસ્તારમાં અવરજવર કરવા માટે બસ મેળવવા મુસાફરોએ વલખા મારવા પડે છે. અગાઉ પણ ગાંધીનગર આસપાસના નજીકના ગ્રામ્ય વિસ્તારને અનુલક્ષી જરૂરી રૂટમાં બસ સેવા ઉપલબ્ધ થાય તે માટે રૂટનુ સંચાલન કરવા માટે રજુઆત કરવામાં આવી હતી. જયારે હાલ પણ માણસા વિજાપુર વિસ્તારમાંથી ગાંધીનગર આવતા મુસાફરોને સાંજના સમયે પરત ફરવા માટે સમયસર બસ સેવા મળતી નથી. જેના લીધે કલાકો સુધી વિદ્યાર્થીઓ તેમજ નોકરીયતોએ બસ સેવા માટે વલખા મારવા પડે છે. આ મામલે અનેકવાર ડેપો મેનેજરને પણ રજુઆત કરવામાં આવી છે. પરંતુ

● અનુસંધાન પાન-૭ પર

જિલ્લામાં વેક્સિનેશન અભિયાનમાં નબળા પ્રતિસાદને પગલે તંત્રમાં વધતી ચિંતા

શહેર-જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૧,૬૩,૧૭૩ લોકોને વેક્સિનનો પ્રથમ ડોઝ અને ૬,૩૫,૦૯૪ લોકોને બન્ને ડોઝ અપાયા છે

ગાંધીનગર, તા. ૧૭

કોરોના પ્રતીકાર માટે ચાલી રહેલ વેક્સિનેશન અભિયાનમાં જે રીતે લોકો નિરૂત્સાહી બની રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. કોરોના સંક્રમણ ઘટ્યા પછી લોકો તેની ગાઈડલાઈનના પાલનમાં પણ અનદેખી કરી રહ્યા હોવાથી દિપાવલી પર્વ પછી ત્રીજી વેવ આવશે તેવી શંકાઓ વધી રહી છે.

રાજયના આરોગ્ય કમિશનર જયપ્રકાશ શિવહરેએ ગઈકાલે કોરોના વેક્સિનેશન અંગે કરેલી વી.સી. પણ એટલી જ અગત્યની છે. આરોગ્ય કમિશનરે તેમની વિડીયો કોન્ફરન્સમાં પ્રથમ ડોઝ વેક્સિનની કામગીરી ઝડપથી પૂરી કરવામાં આવે તેમજ સેકન્ડ ડોઝની કામગીરીને વધુ સઘન બનાવવા પર ભાર મુક્યો હતો.

ગાંધીનગર શહેર-જિલ્લામાં પણ છેલ્લા થોડાક દિવસોથી વેક્સિનેશન અભિયાન ધીમુ પડી ગયુ છે. આજે જિલ્લામાં સૌથી ઓછુ વેક્સિનેશનનું કામ થયુ હતુ.

જિલ્લામાં અને શહેરમાં જે રીતે બીજા ડોઝના વેક્સિનેશનની કામગીરીમાં લોકોનું ઉદાસીન વલણ જોવા મળી રહ્યુ છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. પ્રથમ ડોઝમાં પણ વેક્સિનનો વિરોધ કરનારાઓની સંખ્યા હજુ પણ મોટી હોવાનું મનાઈ રહ્યુ છે. જિલ્લામાં આજે વેક્સિનેશન માટે ૧૨૦ જેટલી સેશન સાઈટો હતી પરંતુ માંડ ૬૦૦ જેટલુ વેક્સિનેશન શહેર-જિલ્લામાં નોંધાયુ છે. વેક્સિનના બીજા ડોજ માટે પણ લોકો ઉદાસીનતા દાખવી રહ્યા છે. બીજી તરફ આઈસીએમઆર ગુજરાત સહિત કેટલાક રાજ્યોમાં જો ધ્યાન નહિ રખાય તો કેસોની સંખ્યા વધતી જોવા મળી શકે તેવી સંભાવનાઓ પણ વ્યક્ત કરી છે. આ સ્થિતિમાં પુનઃ વેક્સિનેશન અભિયાન સઘન બને તે જરૂરી છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે શહેર-જિલ્લામાં ૧૧,૬૩,૧૭૩ લોકોને વેક્સિનનો પ્રથમ ડોઝ અને ૬,૩૫,૦૯૪ લોકોને વેક્સિનના બન્ને ડોઝ અપાયા છે. જિલ્લા સૂત્રો પાસેથી મળેલી વિગતો પ્રમાણે શહેર-જિલ્લામાં થઈ અત્યાર સુધીમાં ૧૭,૯૮,૨૬૭ લોકોનું વેક્સિનેશન થયુ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૮,૦૪,૮૨૪ લોકોને વેક્સિનનો પ્રથમ ડોઝ અને ૪,૩૧,૪૩૬ને વેક્સિનના બન્ને ડોઝ આપવામાં આવ્યા છે.

શહેરમાં ૩,૫૮,૩૪૯ ને પ્રથમ ડોઝ અને ૨,૦૩,૬૦૮ને બન્ને ડોઝ વેક્સિનના આપવામાં આવ્યા છે.

દહેગામમાં જન આશિર્વાદ યાત્રા દરમ્યાન કોંગી-આપના આગેવાનો ભાજપમાં જોડાયા

ગાંધીનગર, તા. ૧૭

દહેગામમાં આજે જન આશિર્વાદ યાત્રા દરમ્યાન આમ આદમી પાર્ટીના શહેર પ્રમુખ રોનક શાહ, દહેગામ નગરપાલિકાની ચૂંટણીમાં અપક્ષ ઉમેદવારી નોંધાવનાર ગોવિંદભાઈ રબારી સહિતના કાર્યકરોએ સાગમટે કેન્દ્રીય મંત્રી દેવુસિંહ ચૌહાણની હાજરીમાં કેસરિયો ખેસ પહેરી ભાજપમાં પ્રવેશ કર્યો છે.

દહેગામ શહેર આમ આદમી પાર્ટીના પ્રમુખ રોનક શાહ તેમજ દહેગામ નગરપાલિકામાં અપક્ષ ઉમેદવારી નોંધાવનાર ગોવિંદભાઈ રબારી તેમના સાથી કાર્યકરો સાથે ભાજપમાં જોડાયા છે.

કેન્દ્રીય રાજ્યમંત્રી દેવુસિંહ ચૌહાણની જન આશિર્વાદ યાત્રા કલોલના સાંતેજથી શરૂ થઈ માણસા અને ચિલોડા થઈ દહેગામ પહોંચી હતી. દહેગામ આ યાત્રા તેના નિયત સમય કરતાં થોડી મોડી પહોંચી હતી. દહેગામ તાલુકામાં આજે ભાજપનો વિસ્તાર થતાં પાર્ટીના કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.

ચોમાસાની મોડી વિદાય અને વરસાદની ઘટ વચ્ચે

રવિ સિઝનની વાવણી મોડી પડવાની સંભાવના

રવિ સિઝનમાં વાવણી માટે ઠંડુ વાતાવરણ જરૂરી છે. હાલ દિવસ દરમ્યાન તાપમાનનો પારો હજુ પણ ૩૩ ડિગ્રીથી વધુ રહે છે એટલે રવિ સિઝનની વાવણી માટે જોઈએ તેવુ હવામાન બન્યુ નથી

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લામાં ચોમાસાની મોડી વિદાય અને ૨૮ ટકા જેટલી વરસાદની ઘટ વચ્ચે રવિ સીઝનની વાવણી મોડી પડવાની સંભાવનાઓ છે.

મળતી વિગતો પ્રમાણે આસો મહિનાના પ્રથમ પખવાડિયામાં ચોમાસાની વિધિવત્ વિદાય થઈ છે. હજુ ઠંડીનો માહોલ પણ જોઈએ તેવો જામ્યો નથી. રાત્રિના સમયે થોડી થોડી ઠંડી જામી રહી છે.

રવિ સિઝનમાં વાવણી માટે ઠંડુ વાતાવરણ જરૂરી છે. હાલ દિવસ દરમ્યાન તાપમાનનો પારો હજુ પણ ૩૩ ડિગ્રીથી વધુ રહે છે એટલે રવિ સિઝનની વાવણી માટે જોઈએ તેવુ હવામાન બન્યુ નથી. આ ઉપરાંત ચોમાસાની મોડી વિદાયને કારણે ખેતરોમાં પણ ખરીફ સિઝનનો પાક ઉભો છે.

ખરીફ સિઝનની લણણીની કામગીરી પૂરી થયા પછી ખેતરોને તપાવવા પડશે. આ બધુ પુરૂ થતાં દિવાળી આવી જશે. આ વખતે શ્રમિકોની પણ અછત ખેડૂતોને નડી રહી છે. રવિ સીઝનની વાવણીનો આરંભ દિવાળી પછી જ થશે તેમ ખેડૂતોનું કહેવું છે.

આ વખતે ચોમાસાની સિઝનમાં વરસાદની જે રીતે ઘટ રહી છે તેને પગલે ઠંડીનું વાતાવરણ પણ કદાચ ઓછુ જામે તેવો ભય પણ ખેડૂતોને ઊંડે ઊંડે સતાવી રહ્યો છે. દિવસનું તાપમાન આ ચિંતા માટે કારણભૂત હોવાનું મનાઈ રહ્યું છે.

જિલ્લામાં ૭૦ થી ૮૦ હજાર હેક્ટરમાં રવિ સિઝનનું વાવેતર થતુ હોય છે. જિલ્લામાં રવિ સિઝનના વાવેતર માટે ઠંડીનું જોર ડિસેમ્બરમાં જોવા મળશે તેવી સંભાવનાઓ વ્યક્ત થઈ રહી છે ત્યારે રવિ સિઝનનું વાવેતર મોડુ થશે એ વાત સ્પષ્ટ થઈ રહી છે.

ખરીફ સિઝનમાં ઉત્પાદિત થયેલ પાકની આવક પણ બજારોમાં હજુ જોઈએ તેટલી થઈ નથી તે પણ એટલુ જ મહત્વનું પાસુ છે.

રાઈ, ચણા, તમાકુનું વાવેતર રવિ સિઝનમાં વધવાના સંકેત

ગાંધીનગર જિલ્લામાં રવિ સિઝન દરમ્યાન રાઈ, તમાકુના વાવેતર વિસ્તારમાં વધારો થવાની સંભાવનાઓ છે.

રાઈનો બજાર ભાવ સતત જળવાઈ રહ્યો છે એટલુ જ નહિ ઓછા પાણી અને ઓછી મહેનતે તેનુ ઉત્પાદન સારૂ મળતુ હોય છે. જિલ્લામાં આ વખતે કૃષિ માટે જે વાતાવરણ જોઈએ તેવુ હજુ જામતુ નથી. ચણાનું વાવેતર પણ વધી શકે તેવી શક્યતાઓ છે. આ ઉપરાંત તમાકુ તેમજ ઘઉંનું વાવેતર થશે તેમ જાણવા મળેલ છે. જો કે હજુ ઘઉંના વાવેતર માટે ખેડૂતો બહુ ઉતાવળમાં હોય તેમ લાગતુ નથી.

ચોમાસામાં વરસાદની ઘટને પગલે ઉત્પાદન ઓછુ થવાનો ભય

ગાંધીનગર જિલ્લામાં ચોમાસાની અનિયમિતતાને પગલે ખરીફ પાકના ઉત્પાદનો હજુ પણ ખેતરોમાં છે. મગફળી અને કપાસના વાવેતરમાં ખેડૂતોને સારા ભાવ મળવાની આશા જાગી છે. જો કે મગફળીના નવા પાકની આવક હજુ માર્કેટયાર્ડોમાં બહુ જોવા મળતી નથી. કપાસનું ઉત્પાદન પણ ઠીક ઠીક થયુ છે. જો કે હાલ તેનો ભાવ ૯૫૦ થી ૧૫૦૦ની વચ્ચે જોવા મળી રહ્યો છે અને બજારમાં તેની આવક સારી થઈ છે.

કઠોળના ઉત્પાદનમાં પણ ચોમાસાની વિપરીત અસરો જોવા મળે તેવી સંભાવનાઓ છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

મો. ૯૮૯૮૧૯૧૪૮૪
બોબી વેજીટેબલ
ફ્રેશ શાકભાજી/ફળોના
હોલસેલ વહેપારી
હોટલ/રેસ્ટોરન્ટના સ્પેશ્યાલીસ્ટ
લગ્ન પ્રસંગે વ્યાજબી ભાવે ઓર્ડર લેવામાં આવશે.
દુકાન નં. ૮, શાકમાર્કેટ, સેક્ટર-૨૧, ગાંધીનગર
૫૦૦ રૂપિયાથી વધુ ખરીદી પર હોમ ડીલીવરી ફ્રી

વાછાણી ઓર્થોપેડિક અને કિડની હોસ્પિટલ
ડૉ. વિવેક વાછાણી દ્વારા આયોજીત
ઉત્તર ગુજરાતની એક માત્ર હોસ્પિટલ કે જ્યાં સાંધા બદલવાનું ઓપરેશન રનાયુ કાપ્યા વગર કોમ્પ્યુટર નેવીગેશનની મદ્દથી કરવામાં આવે છે.
કેમ્પના સ્પેશીયલ ડિસ્કાઉન્ટનો લાભ મેળવવા માટે ૧૫ ઓક્ટોબર પહેલા ઓપરેશન કરાવો
કન્સલ્ટીંગ ફી અને ડિઝીટલ એક્સ-રે ૫૦% રાહત દરે
જોઈન્ટ રિપ્લેસમેન્ટ મેગા કેમ્પ
આ કેમ્પ ફક્ત જોઈન્ટ રિપ્લેસમેન્ટ માટે જ છે.
કેમ્પનો સમય
સોમવાર થી શનિવાર
સવારે ૧૧:૦૦ થી ૧:૦૦ અને સાંજે ૫:૦૦ થી ૭:૦૦
કેમ્પનું સ્થળ
વાછાણી હોસ્પિટલ, ૩જો માળ, બી-બ્લોક, સાઇ મિગ્નેચર, સહજાનંદ સીટી સામે, કુડાસણ, ગાંધીનગર-૩૮૨૪૨૧
અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવા માટે મો. ૯૫૧૨૩ ૫૫૫૬૩, ૯૯૨૫૬ ૨૮૧૦૮

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com